રહીમ—અજી જનાબ, આપને ફરમાયા થા, કે કીતને બજે જાતી હે, વોહ દેખકર આવ, તો મેં ઉસકો દેખનેકો વહાંહી ખડા રહા. દસ બજે જબ ગાડી ગઇ, તો દેખકર આયા. હુકકા પાની યા ખાના વાના કુછ ઇસ અરસેમેં મુઝે મીલા નહીં.

કેવી મઝા.—૧૫૯

જગલો લેંઠો મુંબઈનાં ઘણાં ઘણાં વખાણ સાંભળીને ગામડે.થી દીવાળીનાં ટાંકણે મુંબઇમાં મોજ મારવા ઉતરી પડયો. બેચાર દહાડા ફરી હરી, મુંબઇનો ભપકો સપકો જોઈ છક તો થયો. ઘણુંએ લેવા કરવાનું મન થયું. ખાવા પીવા મોઢે પાણી છુટયું, પણ ફુલુસ મારીસ. મઝામાં તો સેકો રખડી રઝળી દીવાળીનાં

ધક્કા મુક્કી ખાઇને ધરાઇ ગયો. ચોથે દહાડે જ્યારે પોતાને ગામ આવી પહોંચ્યો, ત્યારે એનાં દોસ્તો મળવા આવ્યા, અને પુછવા લાગ્યા.

કેમ જગલા, મુંબઈ ફરી આવ્યો કે?

હો–વે, ફરી આવેલો.

મઝા તો બઉ મારેલી ઓહે ?

હો—વે, બઉ મઝા, બઉ ખાધું, પીધું, ઉડાવ્યું,

કેહતો ખરો, ખાધું હું ?

ખાધા ધક્કા.

પીધું હું ?

નલનું પાણી.

ઉડાવ્યું હું—ઉ—ઊં ?

રહતાની ધુ—ઉ—ર !!

એક વાત છે—રે—૧૬૦

ચાકર—અરે શેઠ મુજ ગરીબપર તમારી મેહરબાની જોઇએ !

શેઠ—ખુદાની મેહરબાની જોઇએ, ભાઇ, મારી મેહરબાની શા ખપની ?

ચાકર—તે તો હું જાણું છું રે, કે તમને ઘસી ગુમડાં પર લગાડવા હોય, તો તેથી કંઇ રૂઝ નહીં આવે, તોપણ એક વાત છેરે ?

બાપનાં હુમ સરબલા—૧૬૧

કાઠીઆવાડનાં કોઇ નાનાં ગામડામાં ચાર પાંચ ઘર નામનાં મુસલમાનોનાં હતા. તેમનું વસવું સદા હીંદુઓમાં હોવાથી, કલમો પઢતાં પણ આવડતો નહીં. એક દીવસ તેઓએ સાંભળયું, કે પાસેનાં ગામમાં કોઇ મોલવી આવેલો છે. જેથી તેઓ પાંચ છ જણાં ભેગા થઇ, તે ગામમાં મોલવી પાસે ગયા. અને તેમને કેહવા લાગ્યા, કે સાહેબ અમને કુરાન હીખવશો !

મોલવીએ કુહયું, મોટી ખુશીથી. બોલો. બિસમીલ્લા હિર રહમા નિર રહીમ.

આ સાંભળી તેમાંનાં એક જણે કહ્યું, અધધ, ઓઇ બાપરે ! ઇટલું બધું તી કયમ આવડે ? બાપુ જરા થોડું થોડું હીખવોની ! કે તી યાદ રીએ. વલી પસે બીજું કેહજો.

મોલવીએ કહ્યું, ઠીક છે. થોડું લ્યો, બોલો. બિસમીલ્લા.

ગામડીઆએ કહ્યું, ભીસમીલા, બસ ભીસમીલા, હા ઇટલું યાદ કરી, પસી બીજું હીખવા આવશું.

એમ કરી તેઓ ત્યાંથી ભીસમીલા—ભીસમીલા બોલતા બોલતા નીકળ્યા. એક બે કોસ મંજલ કાપ્યા પછી, તેઓ એક બીજાને પુછવા લાગ્યા. એકે કહ્યું, ભાય, આજે હું હીખ્યા ? મારી જીભે અટકેલું સે હો. આ શું, કરીને તે આ—

બસ ભુલ્યોની ! હું કહું—ભરસલા.

તમે બેહુ ભુલ્યા. ભરસલા નહીં, પણ સરબલા.

ના, હું ભુલ્યો નથી. મારા બાપનાં હુમ ખાઇ કહું—ભરસલા.

એ રીતે થોડા કહે—બાપનાં હમ. સરબલા, ને થોડા કહે—ભાયનાં હમ. ભરસલા. અંતે ખરૂં શું? સરબલા કે ભરસલા, તે નક્કી કરી શક્યા નહીં. તેઓ ત્યાંથી મોલવી પાસે પાછા આવ્યા. અને પુછવા લાગ્યા. મોલવી હાબ, તમોએ હમને હું શીખવ્યું ? સરબલા કે ભરસલા ?

મોલવીએ સમજાવી કહયું, અરે સરબલાએ નહીં, ને ભરસલાએ નહીં. પણ કહો–બિસમીલ્લા.

આ સાંભળી એક ગામડીઆએ કહયું. આ સરબલા એ રીયું, ને બરસલા એ રીયું, ને આ બીસમીલ્યું થયું. બાપુ હવે તો બીજું કાંઇ ની ફરેની ?

ચાલ જલદી આવ—૧૬૨

એક સ્રી રસતે ચાલી જતી હતી, તેની પાછળ તેનો કુતરો હતો. જે તે સ્રીથી ઘણો પાછળ રહી જતો હતો. તેથી તે સ્રી તેને વારે ઘડીએ પીઠ ફેરવી બોલાવતી, ચાલ આવ, જલદી આવ,

આ જોઇ એક ચીબાવલા જુવાને મસકરીથી પુછયું, શું, મને બોલાવો છો ?

તે સ્રીએ જવાબ દીધો, અરે નહીં રે, હું તો બીજા કુતરાને બોલાવું છું.

શાહુ ચોર—૧૬૩

એકવાર એક પંચી એકાદ ઘરનું બારણું ઉઘાડું જોઇ માંહિ પેંઠો. અને આણીમેર પેલીમેર હાથ મારી જે મળ્યું, તે બીછાના ઉપર પડેલા ગોદડામાં વીંટાલી ગોદડુ માથે ચઢાવ્યું. અને જાણે કશામાં હોયં નહીં, તેમ દાદરા ઉપરથી ધીમે ધીમે ઉતરવા માંડયું, ચોઘડઉં એવું બન્યું કે દાદરા ઉપરથી પગ છટકયો. અને માથા ઉપરથી બોજો પડી જઇ ગરબડાટ કરી મુકયો. આ સાંભળી ઘરધણી બહાર નીકળી આવ્યો. અને પેલાને હડસેલો મારી પુછે છે—તું કોણ છેરે, અને આ શું લઇ જાય છે ? ચોરે ધીરજથી સમય સુચકતા રાખી ઉત્તર દીધો, સાહેબ કાલે લીલાઉંમાંથી તમે ગોદડું વેચાતું લીધું, તે પહોંચાડવા આવ્યો છું, સાહેબ, આ લ્યો, અને એનાં રૂપીઆ બાવીસ આપો.

ઘરધણી બોલ્યો, ગોદડું શાનું ? મેં કંઇ લીધું નથી, અને હું કંઇ રૂપીઆની વાત જાણતો નથી !

ચોર બોલ્યો, સાહેબ, મને તો મારા શેઠે બરાબર ઇધાણી આપી હતી. પણ કોણ જાણે ભુલ્યો હોઇશ. માફ કરજો હો શેઠ ! તસડી પડી.

એમ કહી ઘરધણીની મદદથીજ ગોદડું માથે ચઢાવી ભપકામાં ત્યાંથી ચાલ્યા ગયા. શેઠ માળા ઉપર જઇને જુએ છે, તો સઘળી સમજ પડી, અને પોતાની મુર્ખાઇ ઉપર કપાળ કુટીને રહયા.

હમભી નવાબ ભરૂચ કે—૧૬૪

આગળ જ્યારે સુરત શેહરને ફરતો કોટ હતો, ત્યારે શેહરમાં દાખલ થવાનાં દરવાજા હતા. જે સુરજ અસ્ત પામવા પછી હમેશ બંધ કરવામાં આવતા. એકવાર સરકારી કામસારૂ નવસારીથી પાંચ છ સવારો સુરત તરફ જતા હતા, તેઓને રસતામાં એક પીંજારો પોતાનાં ગધેડા ઉપર સવાર થઇ જતો મળ્યો. અને તેપણ વાત ચીત કરતો સવારોની સાથે સુરત સુધી આવ્યો. કોટ આગળ આવી પહોંચતાં દરવાજા બંધ હતા, તે જોઇ સવારો ઉભા રહ્યા. પણ પીંજારા ભાઇ પોતાનાં લંબકરણ (ગધેડા) રખસને ડપટાવતા દરવાજા આગળ આવ્યા. અને બારણાં ઠોકી બુમ પાડવા લાગ્યા. એ ભાઇ સીપાઇઓ બારણાં ઉઘાડોની, અમે બધા સવારો ખોટી થઈ રહ્યા છીએ!

મુરતીનો ખરો પુંજારી—૧૬૫

એક લુચ્ચા બ્રાહ્મણે ઠગાઇ કરી કરીને કંઇક દૈવત એકઠું કર્યું હતું. પણ રખે કોઇ લઇ જાય, તેની બીકને લીધે પુરો પાધરો ઉંઘે પણ નહીં. એકવાર ઘણો વિચાર કરી ઠરાવ્યું કે, પૈસાને એક મુરતીની પેટીમાં ભરૂં, અને ત્યાં આગળ દીવો મુકું, કે પવિત્ર જાણી કોઇ હાથ લગાડેજ નહીં. આ પ્રમાણે કરી તેણે મુરતી ઉપર કાગળ વળગાવ્યું, કે આ પેટીમાં

રામજીની મુરતી છે. માટે કોઇએ હાથ લગાડવો નહીં. આ લખેલું એક પહોંચેલા ચોરનાં વાંચવામાં આવ્યું. ત્યારે તે સમજી ગયો, કે આમાં કંઇ ભરમ છે. એટલે પેટીમાંથી રૂપીયા કાઢી લઇ, માંહે એક મુવેલો ઉંદર નાંખ્યો. અને મુરતીને દેવાલ ભણી ફેરવી મુકીને ઉપર લખ્યું-રામજી તારી ઉપર કોપાયમાન થવાથી ઉઠી ચાલતા ગયા છે.

શરમનું ઝાડ—૧૬૬

પાલનજી પસતાકીઆ મરવા સુતા, ત્યારે તેનાં બીછાણાં આગળ તેની નાતરે આવેલી બાયડી નાજાં ઘણીજ કકલીને રડતી હતી. આ જોઇ સઘળાં અડોસી પડોસી બહુ દીલગીર થાય. અને નાજાંની દયા ખાય, કે બીચારીનું શું થશે. એક દહાડો પાલનજી છેકજ ઝીંમાઇ ગયા હતા, અને પોતાની બાયડીને આ પ્રમાણે રડતાં જોઇ, સઘળાઓને ઇશારત કીધી, જેથી સઘળાઓ બહાર ગયાં. પછી પાલનજી ઘણાં હેતથી બોલ્યા. મહારી વહાલી, મરવું જીવવું. તો સઉને લખેલું છે. તું શું કામ આટલી રડે છે?

નાજાંએ ડચકાં ખાઇ જવાબ દીધો. બીજું તો બધું રહયું, પાલનજી! પણ તમે મારા બીજવર, એટલે મને ઘણીજ શરમ લાગતી હતી. ત્યારે હવે તીજો વર કરીશ, તો જગને મોઢું કેમ દેખાડીશ, તેની મને અત્યારથી ફીકર પડે છે હો હો હો !!

ઘાણુ વાઢ્યો—૧૬૭

લંડનમાં એક કેદખાનું છે, જ્યાં રખડતી નઠારી સ્ત્રીઓને પકડીને રાખવામાં આવે છે. અને ત્યાં તેઓને તરેહવાર ધંધાઓ શીખાડે છે–એક વેળા એક ડાહી લેડી, એ જેલ જોવાને ગઇ. જેલનાં રખેવાલે તે બાઇને દરેક ઓરડામાં ફેરવી એક ઓરડા આગળ આવતાં જુએ છે, તો એક સ્ત્રી અને છોકરી કામ કરતાં હતાં, તેઓને જોઇને બોલી–ભાઇ જેલર, આ બે કેદીઓ કેવાં વીક્રાલ અને નજીસ દેખાય છે. મને લાગે છે. કે એમને અહીંઆં રાખવા કરતાં, કઠ્ઠણુ મજુરી સાથની જેલમાં રાખવાં જોઇએ.

જેલર મુછમાં હસીને બોલ્યો—બાઈ, એ લોકો કેદી નથી. એતો મારી બાયડી અને છોકરી છે !

ફોટોગ્રાફ—૧૬૮

જમસુ કંજુસ એક દહાડે એક ફોટોગ્રાફરની દુકાન ઉપર ગયો. અને ઘણી રકઝક કરવા બાદ સબી પાડનાર સાથે ઠગવ્યું, કે માહરા અર્ધા કદની સબી પાડી આપવી. અને તેનું દામ ઠરાવેલા દામ કરતાં અરધું આપવું. સબી પાડનાર લગાર ઠોલીઓ હતો. તેણે કબુલ કર્યું. અને આંગ ઉપર પૈસા લીધા. બીજે દીને તેણે કંમરથી પગ સુધીની સબી પાડી, જમસુને ઘેર મોકલાવી. જમસુ દોડતો અને ફડફડતો સબી પાડનારને ત્યાં આવી પુછવા લાગ્યો, કે આ શું કરી મોકલ્યું ! સબી પાડનારે જવાબ દીધો, અર્ધા કદની

સબીની બોલી છે. માહરે ગમે તો નીચેનાં અર્ધા ભાગની આપું. અને માહરે ગમે તો ઉપરનાં અર્ધા ભાગની આપું.

લાલીઆની કહાણી—૧૬૯

લાલીઆ પરાપર, નામે એક સુરતી લાલીઓ પોતાનાં છાબ સાથે થોડાં વરસ બહાર ગામની ચાકરી કરીને પોતાને ગામ પાછો ફર્યો. પણ ભાઈ તો એવા હુશીઆર, કે 'વાટર' એટલે પાણી સીવાય બીજું કશુંએ શીખ્યા નહીં. ગામ આવ્યા કેડે થોડે દીવસે લાલીઓ માંદો પડયો. અને તરસથી ગળું સુકાઇને જીવ છેક કંઠે આવ્યો. પણ ગામનાં બીજા લાલીઆઓમાં છાંટેલું, કે હવે તો બઉ ઈનલીસ હીખેલો, એટલે ગુજરાતીમાં પાણી કેમ કરી મંગાય ? માટે બાયડીને કહ્યું કે, વાટર લાવ. બાયડી બાપડી અંજાણી એટલે 'વાટર' શું તે મુદ્દલ સમજે નહીં. બાયડી અને અડોસી પડોસી ફરી ફરીને પુછે, પણ લાલીઆ છાબ, પોતાનો ટેક રાખવા "વાટર, વાટર" કર્યા કરે. પણ ગુજરાતીમાં બોલે નહીં. એમ કરતાં તેનો પ્રાણ નીકળી ગયો.

થોડીવારે બીજો લાલીઓ આવ્યો, તેણે બધી ભુલ ભાંજી. તેથી તેની બાયડી રૂદન કરતાં બોલી.

દેશ ગયો પરદેસ ગયો ત્યાંથી શીખી આવ્યો વાણી,
વાટર વાટર કરતાં જીવ ગયો, અને ખાટલા નીચે પાણી,

ધોકાની ટટ્ટી—૧૭૦

એક ગૃહસ્થ પોતાનાં કુટુંબ સાથે એક વખત નવસારી ગયું. ચર્ચ ગેટનાં સ્ટેશન ઉપર ગારડે તે કુટુંબમાંની એક નાની છોકરીને પુછ્યું,

છોકરી તારી અડધી ટીકીટ લીધી છે, તો તારી ઉમર કેટલાં વરસ ?

છોકરીએ જવાબ દીધો—જી મારી ઉમર તો બાર વરસ, પણ અમે ઘરમાંથી નીકળ્યાં, ત્યારે મારી માતાએ મને એમ શીખવ્યું હતું, કે કોઇ પુછે તો કેહજે, કે સાડા નવ. તેથી મારાં વરસ સાડા નવ છે !

ખુદા દુશમનને નહીં દેખાડે—૧૭૧

ઓરડામાં ધણી ધણીઆણી લગાર પ્યાર કરતાં હોય, તેવામાં વગર પુછે ચાકર ચાલી આવે, તો ફજેતીના પારાવાર !

પાંચ છ જણ ગાતાં હોય, તેવામાં એકાએક બહાર ગધેડો ભું કે, હસવાનાં કયાં પાર !

બઇરાંઓ જતાં હોય, તેઓ આગળ ભપકામાં ચાલતાં પગ સરી જઇને આપણે પડી જઇએ, તો કેવી ફજેતી યાર ! !

સૌનાં દેખતાં કોઇ આવીને તમાચો ખેંચી કહાડે, તો તો છેવટનાં વાગે બાર ! ! !

રોકડીઓ હનુમાન—૧૭૨

એક ધણી જે વારે ઘડીએ પોતાનું રેહવાનું ઘર બદલતો હતો, તેણે એક દહાડે એક ડોસીનાં ઘરનો પેહલો માળો ભાડે રાખવાનું સારૂં કર્યું. ડોસી આગળ ચાલાકી દેખાડવા તે બોલ્યો. અરે બાઇ, હું મારી ખોટી તારીફ મારે મોઢે શું કરૂં, પણ હું એવો માણસ છું, કે જેબી ઘર ખાલી કરૂં છું, ત્યાંના ઘરધણી મારે માટે આંસુ પાડે છે. ડોસી જે ખબરદાર હતી, તે બોલી. હશે ભાઇ, હશે. તમે ભાડું ચુકવ્યા વગર વટી જતા હશો, તો બિચારા ઘરધણીઓ રડે નહીં, તો શું કરે!

બહારસે તો અચ્છી હે અંદરકી ખુદા જાને—૧૭૩

એક જોશી જ્યારે ઘરમાંથી બહાર જાયે, કે બીજો જુવાન પુરૂષ તેનાં ઘરમાં આવી, તેની બાયડી સાથે બેસી મોજ મારે. એક દિવસ તે દેખાવ જોશીનાં દીઠામાં આવ્યો, તેથી તે બહુ ખીજવાયો. અને બાયડીને ગાળો ભાંડવા માંડી, આથી બન્ને વચ્ચે વઢવાડ ચાલી. તે જોઇ એક ચતુર પુરૂષ બોલ્યો.

જોશી ખબર આકાશની, જાણીને હરખાય;
નજાણે ઘેરમાં રોજરોજ, પોતાનાં શું થાય.

પડી આદત નહીં જાય—૧૭૪

અયોધ્યા શેહરમાં દેવીદીન નામે એક આબરૂદાર પુરબીઓ રેહતો હતો. આ ધણીનાં છોકરાનું નામ રામદીન કરી હતું. છોકરાની માંથી બાપ દીકરા બેઉ બેજાર હતા. એ સ્ત્રીને એવી ખરાબ ટેવ પડી હતી, કે જ્યાં જાય ત્યાંથી કાંઇ નહીં ને કાંઇ ચોરી લાવે. બજારમાં જાય, તો એક આનાનો સોદો લાવે તેની સાથે ચાર આનાનું તફડાવી આવે. તેનો ધણી આ ચાલથી ખીજવાઇ, તેણીને ઘણોં પોંક ઝીલાવતો. તથા છોકરો વારે ઘડીએ આજીજી કરી સમજાવતો, પણ ફોકટ. તાજી શીખામણ હોય, ત્યાં સુધી માને, અને પછી જેવી ને તેવી.

એક દીને રામદીનને સાસરે કંઇ ટાણું હતું, તેથી ત્યાંથી સઘળાંને જમવાનું નોતરૂં આવ્યું, દેવીદીન પોતાના બેટાને કેહવા લાગ્યો, "સુનતે હો ભૈયા, જીમનેકે લીયે અપન દોહી જાવેંગે. તોહારી માતાકા અપને સંગ લેનેકી કછુ મતલબ નાહીં. કયું કે વાંહી કછુ ચોરીકી દીયાનત કરે, તો શરમ કે મારે જાન જાવે."

આવું સાંભળી રામદીનની મા ઝટ બોલી ઉઠી, કે "મેં તો સબહીકે પેહલે આઉંગી."

દેવીદીન કહે, જબ તોહરે કયા લીયે હમારી આબરૂકા બટા લગાઇ ? અબતો મેં ન જાઉંગા.

મા કરગરીને કેહવા લાગી, કે રામજીકે કસમ, અબહી મેં સગેંકે વહાં કભી વયસા કામ નાહીં કરૂંગી.

આવી ખાત્રીથી દેવીદીનનું મન સમાધાન થયું. અને સઘળા જણુ રામદીનને સાસરે જમવા ગયાં. વેવાઇનાં ઘરમાં સઘળા આ-દરમાનથી જમવા બેઠા પછી રામદીનની માને, પોતાની અસલ આદતને લીધે, હાથ ચલવલ થવા લાગ્યા. અને આસે-પાસે જોતાં, પોતાનીજ પછવાડે એક નહાનાં પલંગનાં બે પાયા પડેલા હતા, તે નજર ચુકવીને પોતાની બગલમાં સંતાડી લીધા. જમી રહયા પછી ઘર જતાં રસતામાં રામદીન ખુશી થઇને, બાપને કેહવા લાગ્યો, કે આજે તો મારી માએ આપણી આબરૂ કબુલાત પ્રમાણે રાખી. જે સાંભળી આબરૂદાર મા બોલી.

પડી આદત કયું જાવે ભઇઆ,
કાખમેં મારે દો ખાટકે પઇઆ.

એમ કહી પોતાની સાડી ઉંચકી, ખાટલાનાં બે પાયા સંતા-ડેલા દેખાડયા.

બોણુ મરે સાસુ, તો પોર આવે આંસુ—૧૭૫

માંડવીમાં ભીખા મકનજી નામનો વાણીઓ ગાંધીની દુકાન રાખતો હતો. તેની બાયડી પાંચ વરસ થયાં મરવા સુતી હતી, પણુ દેહ છોડતી નહોતી. ફકીર, બ્રાહ્મણુ, દોરા, ચીઠી, સઘળું કરી છુટયા, પણુ ભીખાભાઇનું કંઇ વળ્યું નહીં. આખરે થાકયો, ત્યારે

મનથી વિચાર કરે છે, કે રાંડની મરે કે જીવે પણ હવે તો કંઇ કરીશું. આમ નકકી કરી સાંજે ઘેર આવ્યો. અને માંદી બાયડીનાં ખાટલા પાસે બેસી દયામણું મોઢું કરી બોલ્યો—અલી, આજ કયમ સે ?

અંહહહ—એમનાં ત્યમ. કંઇ હુજતું નથી. ઓઇ ઓઇ ઓઇ.

ભીખાભાઇ બોલ્યા, જો અલી, હવે તો આ પૃથ્વીમાં તારા દી ટુંકા હો. આજ લગી મેં તને ઠગી નથી, અને હવે મરવા ટાણે કયમ કરી ઠગું ? મારા ગોમથી પટેલની સોડી જમની આવીસે, તેમાં બહુ જીવ ભરાણોસે. ને ચાંલ્લોએ કરવા નકકી કરયું સે. ખોટી માત્ર તારા દેવલોક થવાની સે. મેં જાણ્યું કે તને કેહું તો હારૂં.

આ સાંભળી અલી છલાંગ મારીને ખાટલી પરથી ઉઠીને, બે હાથની થાપડ ભીખાનાં બરડા પર મારીને બોલી મેર મારા પીટયા તારી જમની જાય નરકે. તારે કાજે અને એ રાંડને કાજે હું મને મારી નાંખવા નીકળ્યો સે ? મને મરતાં ઘણી વાર સે. આમ કહી ચણીઓ કકડાવી બાંધી ઘરનું કામ કરવા ચાલી. સારાંસ, અલી હજુ સારી હાલતમાં જીવે છે.

નાદાનોંકી દોસ્તી જીવકા જાન—૧૭૬

ઇંગ્લાંડમાં એક બારીસ્ટર જુરીની હજુરમાં પોતાનું કુલ જે એક નાનું બાળક હતું, તેની તરફથી ભાષણ કરતો હતો. અને

જુરીનાં મનપર અસર કરવા માટે બાલકને કેડ ઉપર ઉંચકી જુરીની હજુર ધર્યું. આ વેળા બાલક બોર બોર જેવડાં આંસુ પાડી રડતું હતું. આથી જુરીનાં મન ઉપર ઘણી અસર થઇ. બારીસ્ટરે ભાષણ પુરૂં કીધા પછી સામી તરફનો બારીસ્ટર ઉઠયો. અને છોકરાનાં માથા ઉપર હાથ મુકી પટાવીને પુછ્યું. બા તું શા સારૂ હમણાં રડતો હતો ?

છોકરાએ પોતાનાંજ બારીસ્ટર તરફ આંગળી બતાવી નિર્દોષ-પણે ઉત્તર દીધો. જી, મને આ સાહેબે કેડપર લેતી વખતે ચમટો દીધો હતો !

મારે તેની તરવાર—૧૭૭

ભીલાડની પાસે જગલો નામે એક ઠગ રેહતો હતો. તેને જ્યારે દુકાળને લીધે ખાધાનાં ઘણાં વાખા પડવા લાગ્યા. ત્યારે એક પીસ્તોલ લઇ બારવટે નીકલ્યો. એક દહાડો રાતની વખતે જંગલને નાકે શીકાર શોધતો ફરે છે, એટલામાં એક મુસાફર ત્યાંથી ચાલતો હતો, તેને જગલે અટકાવ્યો, અને કપાલ સામા પીસ્તોલ તાકી બોલ્યો—લાવ તારી પાસે પૈસા હોય તે આપ, નહીંતો તારો જીવ જશે.

મુસાફર પહોંચેલો હતો, તેણે જોયું, કે સામા થવામાં કંઇ વળવાનું નથી, એટલે કરગરીને બોલ્યો—લે ભાઇ જે હોય તે

આપું, પણ આટલા બધા પૈસા લેશે તેનાં બદલામાં આ પીસ્તોલ વેચાતી આપ. કે આગળ રાહ કાપતાં કોઇ વળી નકામો સતાવે નહીં. જગલે કહ્યું, કબુલ.

આ પ્રમાણે સાટું કરી મુસાફરે પોતાની કમ્મરેથી રૂપીઆની થેલી છોડી જગલાનાં હાથમાં મુકી, અને જગલે પોતાની પીસ્તોલ મુસાફરને આપી. જેવી પીસ્તોલ હાથમાં આવી, કે મુસાફરે ચડપ લઇ, તે જગલાનાં માથાં તરફ ધરી, અને બોલ્યો—લાવ બચ્ચા, પાછું આપ, નહીં તો અબ ઘડી તારૂં ભેજું ઉડાડી મેલીશ.

જગલો હસીને બોલ્યો, ભલે ભાઇ ઠોક,–મારા લાલ–પીસ્તોલમાં ઘોડોજ ક્યાં છે. અને માંહે દારૂએ ક્યાં છે !

છાંટુંખાં—૧૭૮

બે મીઆંભાઇઓ એક બીજા સાથે ડંફાસ મારતા હતા એક બોલ્યો, અજી, મેં એક વક્ત સીકારમેં ગયાથા, તો વહાં એક દીનમેં ૯૯૯ કબ્વોંકો ગીરા દીયે.

બીજાએ સવાલ કીધો, શાબાશ ! લેકીન એક હજાર પુરે કયું નહીં કીયે ?

નહીં ભાઇ—એક જ્યાદા કેહકે જુઠ કયું બોલના.

બીજાએ જોયું, કે હવે મારે પણ કાંઇ ઠોકવું જોઇએ,

તેથી બોલ્યો. મેંને એક મરતબે એક પઠાનકો બંબઇસે ચીન તક દરીઆમેં તીરતે હુયે દેખા.

બીજાએ સવાલ કીધો, કે તુમને ખુદ અપની નઝરસે દેખા?

હાંજી, મેં કીશતીમેં ચીનસે આતાથા, તો વહાં બીચમેં એક કોસ દુર તીરનેવાલેકો ખુદ મેરી આંખોંસે દેખા.

સામાએ જવાબ દીધો, ઉસકો તુમને અપની નઝરોંસે દેખા, ઇસલીયે મેં બહોત ખુશ હું. ક્યુંકે વોહ તીરનેવાલા મેંહી થા. અગર કોઇ રોજ હમકો કામ પડેગા, તો બતોર ગવાહીકે તુમ્હારા દેખના કામ લગેગાં.

વાણીઆની પક્કાઇ—૧૭૯

એક વાણીઓ, બ્રાહ્મણ અને જોગી પ્રવાસ કરતા હતા. માર્ગમાં એક શેલડીનું ખેતર આવ્યું. તેમાંથી એક સાંઠો બ્રાહ્મણે માંગી લીધો. તે પેલા જોગીએ ઉંચકયો. પછી એક વિસામાં આગળ ત્રણે જણાં બેઠા. વાણીઓ કહે, કે તમે બંનેએ બે કામ કર્યાં, તો હવે ત્રીજું કામ હું કરૂં. એમ કહી પેલો સાંઠો હાથમાં લઇ, ઉપરનો છાંટાવાલો પોલો ભાગ બ્રાહ્મણને આપ્યો. નીચેનો બહુ કઠણ ભાગ જોગીને આપ્યો. અને વચલો સારામાં સારો ભાગ પોતે રાખ્યો. અને પછી બોલ્યો કે.

અગ્રે અગ્રે વિપ્ર, જટાલો તે જોગીનો,
વચલું રહયું કંદ, તે આરોગે નંદ.

ચુપ બેટા મેં ખુદાકો ફુસલાતી હું—૧૮૦

ખંભાતમાં મરીયમબુ નામની એક ડોસી રેહતી હતી, તેનાં છોકરા જમાલને શીતલા આવ્યા, આથી બુ ઘણી ગભરાઇ, અને બંને હાથ ઉંચા કરી આસમાન તરફ જોઇ બોલવા લાગી. " યા અલ્લાહ, યા પરવર દીગાર, તુ મેરે લડકેકો ઇસ વકત અચ્છા કરે, તો તુઝે આસમાન જીતની રોટી કરકે ચઢાઉંગી."

આવા શબ્દો સાંભળી જમાલ બોલ્યો. " અમ્મા યે તુ કયા બકથી હે ? ઇતની બડી રોટી કે લીયે તુ ટીકરી કહાંસે લાયેગી " ?

મરીયમ નાક ઉપર આંગળી ઇશારતની કરી બોલી "ચુપ બેટા ચુપ, યેતો મેં ખુદાકો સમઝાતી હું. તુઝે અચ્છા હોગા, પીછે ખુદાકો કુછભી નહીં દેનેકી—ખુદા ખુદાકે ઘરકી ખુદાઇ કરેગા, કુછ હમ ઉસકે તાબેદાર નહીં હેં !

વકીલ બારીસ્ટરો અને વૈદ ડાકટરો—૧૮૧

ગામડાનો એક રેહવાસી મુંબઇ જેવા શેહરમાં પોતાનો એક સગો હશે ત્યાં આવ્યો. તે શેહરી મોટી મોટી વાતો કરે, અને બહુ અભિમાન બતાવે. શેહેરનાં સુખ આગળ ગામડાંને તો ગણેજ નહીં. ગામડીઓ બધું જોયા અને સાંભળ્યા કરે, તેમ તેમ પેલો નગરવાસી ફુલણજીની પેઠે ગપ્પાં માર્યો જાય. એક દિવસ ગામડાંની

બહુ નીંદા કરી, શેહરને સર્વે વાતે સારૂં કહેવા માંડયું. ત્યારે ગામવાસી એટલું બોલ્યો, કે ભાઈ! સારૂં નરસું બધે છે. શેહરી કહે, કે તમારે ત્યાં શું છે; ધુળ! જતાં આવતાં એકલા હોઇએ, તો લુટી લે. ગામવાસી બોલ્યો, એતો ખરૂં પણ એટલા ઉપરથીજ તમે તોલ કરતા હો, તો એક કવિએ કહ્યું છે, તે સાંભળો.

જર લુટે છે જંગલે, અભણુ એકલા ભીલ,
ભર વસ્તીમાં લુટતાં, વેસ્યા, વૈદ, વકીલ.

અમારાં ગામડાંના માર્ગમાં એક ભણ્યા વગરનાં ભીલ, એકલા હોઇએ, તો માત્ર ધન લુટી લે છે. પણ તમારા શેહરમાં તો ભર વસ્તીમાં ધોળે દિવસે ત્રણ વર્ગ વેસ્યા, વૈદ (ડાકટરો) અને વકીલ બારીસ્ટરો, ત્રણેવાનાં, મન, તન, અને ધન, લુટી લે છે. તેતું તમને ભાન પણ નથી. આ ખરૂં છે કે, ખોટું તેનો વિચાર કરવો જોઇએ,

કાયદાની ખુબી—૧૮૨

પ્યારમાં ગીરફતાર થયેલો એક આશક એકવાર એક વકીલને ત્યાં ગયો. અને પોતાની માશુકને તેણીનાં બાપની રજા વગર કેમ કાઢી લઇ જવી, તે બાબત સલાહ પુછવા લાગ્યો. વકીલે સલાહ આપી, “ જો તું તેને કાઢી લઇ જશે, તો કાયદાની સુંગાલમાં ફસી જશે. માટે એવું કરવું, કે તે તને ઘસડી લઇ જાય, તેણીને પોતાનાં ઘોડા ઉપર સવાર કરજે, અને ઘોડો હાંકે એટલે તું પછ-વાડેથી ચઢી બેસજે, એટલે કાયદો તને કંઇ કરી શકનાર નથી.

બીજે દીવસે સવારમાં વકીલ ઉઠયો. તેવીજ તેનાં ઘરનાં માણસોએ ખબર આપી, કે સાહેબ, ગઇ કાલે જે ધણી તમને મળવા આવ્યો હતો, તેને તમારી દીકરી ઘોડા ઉપર બેસાડી ઘસડી ગઇ છે !

—(૦)—

વેવાણ હવે ઘર કરો, તો કહે આવો તમારીજ સાથે—૧૮૩

એક ખુબસુરત નામીચી નાટકી ઓરત પારીસમાં એકવાર માંદી પડી, અને તેથી ઇલાજ માટે ત્યાંનાં પંકાયલા ખુબસુરત ડાકટરને બોલાવી મંગાવ્યો.

ડાકટરે પુછ્યું, તમને શું છે !

કોણ જાણે—કાંઇ ચેન પડતું નથી. કોઇવાર જીવ ઉસકેરાઇ આવે છે. અને કોઇવાર એકદમ દમ રોકાઇ જાય છે.

થોડોવાર વિચાર કરી, ડાકટરે જવાબ દીધો, હું ધારૂં છું, કે તમને સારાં થવાનો માત્ર એકજ ઉપાય છે.

પેલીએ આતુરતાથી પુછ્યું, તે શું ?

તમારે લગન કરવાં જોઇએ,

સ્ત્રી બોલી, હું પણ એમજ ધારૂં છું, તમે મારી સાથે લગન કરશો ?

ડાકટર હસીને બોલ્યો, મેં જે તમને કહ્યું, તે એકજાતની દવા છે. ડાકટરો દવા ફરમાવે ખરા, પણ પોતાની દવા કાંઇ પોતેજ પીએ !

આવવા જવાની ટીકીટ—૧૮૪

મકાઇ ડોસાં કોઇવાર આગગાડીમાં બેઠેલાં નહીં, એક વખત તેવણુ નવસારીનાં સ્ટેશન ઉપર આવી, ટીકીટ કલાર્કની બારીમાં માથું ઘાલી કેહવા લાગ્યાં. "મરી જાઉં, મંભઇ મારા કાકા સસરાનો દીકરો માંદો છેની, તેને જઇ જોઇ પાછી આવવાની ટીકીટ આપો. મરી જાઉં આવવા જવાની આપજો હોકે."

ટીકીટ કલારકે નમનતાઇથી ઉત્તર દીધો. ડોસાં ત્રીજા કલાસની આવવા જવાની ટીકીટ નહીં મળે, ફકત જવાની ટીકીટ મળશે.

ડોસાં હેબતાઇને બોલ્યાં, ઓ બા, એમ શું બોલો છો? આવવા જવાની ટીકીટ નહીં, તારે કંઇ મારેથી જાથુક મંભઇ રેહવાય? પછી દૃકતાને કાં નાંખું? ચાલો તારે તો માંડી વારો.

બેહસ્ત મુકામની મંજલ—૧૮૫

સુરત જીલ્લાનાં એક ગામડામાં એક ગરીબ બિચારી ડોસી નામે ભગલીનો સત્તર વરસનો છોકરો મરી ગયો. ડોશી આથી ઘણી મુંઝાઇ, ત્યારે તેણીની એક બીખી નામની એક ઘરડી સહી તેને મળવા આવી. આ બે જણુ વાતો કરવા લાગ્યા.

બીખી બોલી, બહેન તારો પોયરો હરગે ગેયલો, તે હાંભરી ઉંતો બઉ રરેલી—હાય હાય બહુ ખોટું થયલું.

ભગલી બોલી, એવે બેન મારા પોયરા વના, તો મારા હાથ પગ ભાંગી ગયલા, પણ અવે જે થયલું તેને હું કરીએ-કેમ બેન તારો પગ મોચવાયલો તે હમણાં કેમ છે ?

બહુ ખરાબ, ઉં તો દારે દારે બહુ લથરતી ચાલી બેન. મારોબી હરગમાં જવાનો વખત આવેલો લાગે છે.

ભગલી બોલી, જો બેન, હરગમાં જાય, તો મારૂં એક કામ કરહે ?

હું ?

મારા પોયરાને હોધી કહાડી કેહે, કે તારાં વના મને જરાએ ગમતું નથી ?

લે વરી ! તું મને હું કામ હોંપે ? એકતો મારા પગમાં અરચન, તાં વરી આવડાં મોટાં હરગમાં તારા પોયરાને કાંહ હોધવા જાઉં ?

હુશીયારની પુછડી—૧૮૬

બીલીમોરાનો એક પારસી ફકીરજી મુંબઇ ખાતે પોતાનાં અગીઆર વરસનાં છોકરા બદલાને લઇ કયસરે હીંદ ન્યુસ પેપરની ઓફીસમાં ગયો, અને તેને ચાકરીમાં રાખવા માટે ઘણાં કાલાવાલા કરવા લાગ્યો. ન્યુસપેપરનાં અધીપતિએ પુછયું, તે ખરૂં ફકીરજી, પણ એ કામ શું કરી જાણવાનો છે ? પાંચ છ મહીના જરા મુંબાઇનો રાહધાટ જોવા તો દો.

ફકીરજી બોલ્યા, અરે નારે ભાઇ, એતો એવો હુશીયાર છે, કે નહીં બોલ્યાનાં ઘણાં ગુણ. હાલ નવો સવો છે, તેટલાં તમારા ન્યુસપેપરનું અધીપતિનું કામ ચલાવશે, અને જરા ગમ પડશે, એટલે કચરો પુંજો સાફસુફ બધું કરશે !

રંડી લડતી હે, ઝગડની હે, લેકીન ઘરકી ખબર રખતી હે—૧૮૭

એક મીયાંભાઇની સ્ત્રી લડવામાં પુરી હતી. સર્વે સાથે જરા જરામાં લડી પડે અને પોતાનાં ગરીબ ધણીને પજવવામાં બાકી રાખતી નહીં. એક દહાડો મીયાંને ઘરમાં આવતો જોઇ નકામોજ કજીઆનું બહાનું શોધ્યું, અને અને કેહવા લાગી, મુવે પીટે ઇતની દેર તક કહાં ભટકતા થા ? લે લડકેકો ધો, જગા સાફ કર, હુકકેમેં આગ ભર, વગેરા.

મીયાંભાઇ, યા અલ્લાહ, કરી નીસાસો નાંખવા ગયા, કે બીબીનો તો મીજાજ જતો રહ્યો. અને લાગલી મીયાંને ડહામ દેવા તૈયાર થઇ. તે મોટા ઘાંટા કહાડી બુમો પાડવા લાગી, કે તેરા સત્યાનાસ જાયે તેરા, અબતો તેરા ઘર જલ જાયે, તો મેં દુસરેકે ઘર જાઉં.

આવી રીતે બુમો પાડી, ઘરની બહાર નીકલી કુવામાં પડવા ચાલી. આ જોઇ આસપાસની પડોસણો દોડી આવી, અને બીબીને

પકડી લાવી. ગરીબ મીયાંને ધમકાવવા લાગી—કે જલ જાયે ઇનકા પડોસ, કે રોજકે રોજ ચેહી તુફાન. આમ બોલીને બીબીને સમજાવી ઘરમાં લઇ આવીઓ.

હવે રાતનો વખત થયો, અને ટાઢનું જોર વધવા લાગ્યું. તેથી મીયાંભાઇ તાપણું કરીને તાપવા બેઠો. બીબી રીસમાંને રીસમાં દુરથી આવીને બેઠી. એવામાં અંગારાનો એક તણખો ઉડીને મીયાં ભાઇનાં જામાની એક બાજુએ પડવાથી સળગવા લાગ્યો, તે મીયાંનાં જાણવામાં આવ્યું નહીં, પણ બીબીની નજર તે ઉપર પડવાથી વિચારવા લાગી, કે મુવાનો એકનો એક જામો છે, તે બળે છે, તેની મુવાને ખબર નથી. બળી ગયા પછી મુવો શું પેહરશે ! આમ જાણી બોલી, મેરી જાણે અલા, મેરી જાણે બલા. કીસીકા જામા જલતા હે. આવું સાંભળતાંજ મીયાં ભડકીને ઉઠયા. અને જામાને સળગેલો જોઇ, ભોંઇ ઉપર લોટીને બુજાવી નાંખ્યો.

હવે સવારમાં મીયાંનો એક પડોસી દોસ્ત મળવા આવ્યો. તે હળવેથી બીબીનાં મીજાજની ખબર પુછવા લાગ્યો. મીયાંએ મગરૂરીથી જવાબ દીધો.

રંડી લડતી હે ઝગડતી હે,
લેકીન ઘરકી ખબર રખતી હે.

ભાગ લાગનો મુકદ્દમો—૧૮૮

એક કઠીઆરો અને એક પીંજારો એ બંને જણાંએ મળીને, એક બકરો વેચાતો લીધો. જ્યારે કાપીને વેંહચી લેવાનો વખત

આવ્યો, ત્યારે કઠીઆરાની ઘણી મરજી હતી, કે ટાંગનો માંસથી ભરેલો ભાગ પોતે લે. એમ ધારી તે બિચારા પીંજારાને અસ્ટમ પસ્ટમ સમજાવવા લાગ્યો, કે આપણે વચો વચમાંથી એનાં બે કકડા કરી નાંખીએ. અને પછી વહેંચી લીજીએ. પીંજારો કહે, ઠીક, પણ આપણે આંખો મીંચીએ અને પછી જે કકડો ગમે તે પારખી લઇએ.

આ સમજુતી કરી કઠીઆરાએ ભોલા પીંજારાની આંખે પાટા બાંધ્યા. અને બોલ્યો, લે બોલ, તને પુંછડીવાલો ભાગ જોઇએ છે, કે વગર પુંછડીનો?

પીંજારો ઝડપથી બોલી ઉઠયો, પુંછડી વાલો. તાણે તો ઠીક ભાઇ, લે આ. પીંજારો પાટા છોડી જુએ છે, તો કઠીઆરાએ બકરાની પુંછડી કાપીને તેનાંજ મોઢામાં ખોસેલી. શરત પ્રમાણે પીંજારાને સીના વાલો ભાગ લઇ જવો પડયો.

અપાસરાનો ભોળો પુંજારી—૧૮૯

શ્રાવકનાં એક દેરાસરમાં ડાહ્યો કરી પુંજારી હતો, દેરાસરમાં ઘણી મુર્તીઓ હતી. તેમાં કેટલીક સોનાની અને કેટલીક રૂપાંની હતી. ફક્ત પારસનાથની મુર્તી પાષાણની હતી. તેની આસપાસ લાકડાની પુતલીઓ મુકેલી હતી.

લાલચુ પુંજારીની દાનત બગડવા માંડી, તેથી દેરામાંથી રૂપાની મુર્તીઓ તફરકા કરવા લાગ્યો, કોઇ ન હોય તેવી વખતે છુપી રીતે

તે પુંજારી એક એક મુર્તી ઘેર લાવે, તેને ભાંગી કકડા કરે, અને કકડાને સોની પાસે ગળાવી તેની ઢાળકી પડાવી પરગામ જઇ વેચી આવે.

એક પછી એક દસ બાર મુરતીઓ ઉઠાવી ગયો. એટલે શ્રાવકોનાં જાણવામાં આવ્યું, કે મુરતીઓ તો ઓછી થઇ, માટે પુંજારીથી તજવીજ કરવી જોઇએ. પુંજારીને બોલાવી પુછતાં, તેણે કહ્યું, કે શ્રાવકો. એનું કારણ મને શું પુછોછો? દેવની વાતો અલૌકીક છે! મને સ્વપ્નામાં દેવો આવીને કહી ગયા છે, કે "ધીરે ધીરે જાયગો, સબ દેવનકો સાથ, રહેગી કાષ્ટકી પુતલી ઔર પથ્થરકે પારસનાથ."

શ્રાવકો અધીરાઇથી કહે છે. ત્યારે તેનું કારણ કંઇ કહયું હશે ખરૂં કની?

પુંજારી કેહવા લાગ્યો, હા. દેવોએ કહયું, આ મૃત્યુ લોકમાં અમારે હવે રેહવું નથી. અમારે તો દેવલોકમાં વાસ કરવો છે. બસ! મૃત્યુ લોકનો અમારા પરનો ભાવ જોઇ લીધો. મેં ઘણાં કાલાવાલા કરી કહયું, કે અહો! મહા પ્રભુઓ, તમો જ્યારે દેવ લોકમાં સીધાવશો, ત્યારે અમારા શ્રાવકોનાં અહીં શા હાલ? તેમણે કોનાં દર્શન કરી પાપથી મુક્ત થવું? ભાવીક શ્રાવકો ઉપર આટલો બધો કોપ કરવો ઘટે નહીં. પણ તેમનાં ઉપર દયા કરવી જોઈએ. મેં આટલી બધી વિનંતી કરી ત્યારે તેઓએ કહ્યું, કે તમારો ઘણો આગ્રહ છે. માટે એક પથ્થરનાં પારસનાથ અને લાકડાંની પુતલીઓ રેહશે.

પુંજારીનું આવું સયુક્તિ બોલવું ભોળા શ્રાવકોએ ખરૂં માન્યું.

પુંજારીએ તેમનાં ભોળાપણાંનો લાભ લઇ તમામ સોના રૂપાની મુર્તીઓ ઉઠાવી જઇ વેચીને રૂપીઆ ઘરમાં મુક્યા. પથ્થરનાં પારસનાથને લાકડાંની પુતલીઓ જેનું રૂપાંતર કરતાં પાઇ પણ ઉપજે નહીં, તેજ માત્ર રેહવા દીધા. છેવટ શ્રાવકોને કહ્યું, કે આ મુરતીઓ હમેશાં રેહશે, એ વાતમાં કંઇ સંશય નથી.

લંબાઇ પહોળાઇ—૧૯૦

એક દહાડો સાંજે ધનજી કાકાએ ગોદીમાંથી ઘર આવતાં લગાર વધારે ધનજી ભીમો (દારુ) ચઢાવ્યો. અને એવા તો તૈયાર થઇ ગયા, કે રસ્તામાં એક નાકેથી બીજે નાકે ચાલી જવાને બદલે ડાબી બાજુએથી જમણી બાજુએ, અને જમણી બાજુથી ડાબી બાજુએ લપેરા ખાવા માંડયા. આખર કંટાલીને બોલ્યા. હાય ! હાય ! લોકો કહેકે હરકારે મંભઇમાં રહતા હુધાયરા, હું ધુર હુધાયરા. આવા કે ? હેવા તો નહારા કરી લાયખા છે, કે ચાલું ચાલુંને નીકેજ નહીં ! લંબાઇ તો હમજ્યાં, પણ પહોળાઇનું તો ઠેકાણુંજ ની મળે !

વેહવારની વાત—૧૯૧

એક વખતે એક અમીર ઘોડે સવાર થઇ જતો હતો, રસ્તે જતાં એક છોકરો મળ્યો, જેનાં બંને હાથ એક વ્રુક્ષની ભેંસને

પકડી રાખવામાં રોકાયલા હતા. છોકરો અમીર તરફ ટગર ટગર જોયા કરતો હતો, તેથી તેને ખોટું લાગ્યું, અને બોલ્યો, તારા બાપે તને વિવેક શીખવ્યો છે કે નહીં?

હા, સાહેબ!

તો પછી સલામ કેમ કરતો નથી!

સાહેબ, તમે ઘોડા ઉપરથી નીચે ઉતરો તો કહું, અમીરને નવાઇ લાગી, તેથી નીચે ઉતર્યો, છોકરે કહ્યું સાહેબ! જરા આ ભેંસને પકડો, કે મારા હાથ છુટા થાય, તો હું તમને સલામ કરૂં

શરમકી બાત હે—૧૯૨

બે મિત્રો હતા, તેમાં એકનું નામ ફાઝીલ, અને બીજાનું નામ આકીલ હતું. તેઓ એક વખત સાથે મળીને રાતે નાટક જોવા ગયા. થોડાક સીન થવા પછી મસકરાઓનો સીન આવ્યો. જેમાં એક મસકરો એક ગધેડો લઇને હાજર થયો, અને બીજો મસકરો તે ગધેડાનો ખરીદાર બની આવ્યો. પેહલો મસકરો પોતાનાં ગધેડાની તારીફ કરવા લાગ્યો. અજી મેરા ગધા આકીલ હે, મેરા ગધા કામીલ હે, મેરા ગધા ફાઝીલ હે, મેરા—

આ સાંભળતાં એક ફાઝીલમીયાં ઉભો થયો, અને તેણે પોતાનાં બીજા મિત્ર આકીલ મીયાંને કહયું. ચલો ભાઈ, અબ ચલો, યહાં બેઠનેમેં કુછ હાસીલ નહીં. યે શયતાન જાદે યહાંભી હમકો પેહછાન ગયે હેં. અગર સબકો માલુમ હોગા, તો શરમકી બાત હે.

નાદારી કાયદાની બારીકી—૧૯૩

એક મુગલ ઇરાનથી માલ મુંબઈ મંગાવે તેમ મુંબઇથી માલ ઇરાન મોકલે. એમ પોતાની ટુંક પુંજીથી પરચુટણ વેપાર કરતો હતો. પણ એક ચીનનાં શાહુકારે તેની પાસેથી બે હજાર રૂપીઆનો માલ લઇ, તેને રડાવવાનું કીધું. અને તે નાદાર થવા નીકળ્યો. બેલીફ તેની નોટીસ મુગલને આપવા ગયો. મુગલ એ ધારાથી અંજાણ્યો હતો. તેથી બેલીફને પુછવા લાગ્યો.

બાબા યે કયા હે ?

શાહુકારદાસ લા લેતા હે, ઉસકા નોટીસ હે.

લા લેતા હે, કયા લા હે ? હમ લા નહીં બેચતા.

અરે આગા, તુમ કયા બેચેગા. યેતો નોટીસી હે. શાહુકારદાસ કેહતા હે, કે હમારે પાસ કુછ પયસા નહીં હે. ઈસ વાસતે વોહ નાદાર હોતા હે, સમઝા ?

કયા સમઝા ! બાબા નાદાર કયા હે ? હમ નહીં જાનતા.

અરે વોહ ઇસમેં અયસા બોલતા હે, કે હમારે પાસ કુછ પયસા નહીં હે. અગર હમ કીધર છુપાયા હે, તુમ આકર દીખાવ.

બડા હરામજાદા હે ! ઉ હમકો બુલા–હમ કીદર ચુપાયા–અચ્ચા કાનુન બાબા ! ઉ ચુપાયેગા, હમ દીકાએગા !

બેલીફ નોટીસ આપી ગયો. અને મુગલ પેટનાં બળત્રાં કાઢતો વિચારમાંને વિચારમાં રહયો. અંતે આગાને પણ ચીનનાં શાહુકાર

થવાનું સુઝયું. તેણે મુંબઇમાં જુદા જુદા વેપારીઓને ત્યાંથી રૂપી-આ ચાલીશ હજારનો માલ ખરીદ કરી ઇરાન ઢેલી દીધો. અને માંગનારાઓને વાયદા પર વાયદા કરવા લાગ્યો. એમ કરતાં માંગ-નારાઓ જ્યારે અધીરા પડી માંગવા લાગ્યા, ત્યારે આગા સા-હેબે કહ્યું.

બાબા, હમારે પાસ પયસા નહીં. હમ લોકો અરજી દેતા હે. તુમકો નોટીસી ભેજેગા. અગર હમ પયસા ચુપાયા, તુમ દીકાવ.

આગા સાબ, યે કયા બાત હે! તુમ કશી કીયા. હમકો કયા માલુમ?

ઉઉ, બાબા, ઉ સાહુકારદાસ દુ હજાર રૂપીયા ખાગયા, હમકો બુલા, કીદર ચુપાયા, હમ દીકાવ, અબ હમ બુલતા હે. હમ ચુપાયા તુમ દીકાવ, બીરો બાબા બીરો.

નીકળ અડપલા જીવ નીકળ—૬૧૪

દેવચંદ ડરપોકની ધણીઆણી કેસર કલાંટ બહુ વઢકણી હતી. જેથી મીસ્ટર અને મીસીસ વચ્ચે બનતું નહોતું. દરરોજ કજીઓ થયા કરે, વાત વાતમાં કેસર કલાંટ બુમ બરાડા મારે, રડે પીટે, અને છેવટે રસો બાંધી ફાંસી ખાઇ; આપધાત કરવા માંડે. ભોળો બિચારો દેવચંદ, તેથી ધ્રુજે, થરથરે અને નાચાર થાય, અંતે

કાલાવાલા કરી હાથે પગે પડીને તે સમજાવે, આ ભારી દુખ તેણે પોતાનાં એક ચતુરદાસ નામનાં મીત્રને જણાવ્યું. અને શું કરવું તેની સલાહ માંગી. ચતુરદાસે સલાહ આપી, કે હવે રાતનાં જ્યારે તે કજીઓ કરવા માંડે, કે તારે પણ બીહવું નહીં. અને તાણી તાણીને સખત બોલ બોલવા. અને જ્યારે રસો બાંધીને ફાંસો ખાવા જાય, કે તારે ગુપચુપ ઘરમાંથી બહાર નીકળી આવવું. તે વખતે હું તને ત્યાં બહાર મળીશ. પછી જેમ તને સલાહ આપું તેમ કરજે.

સાંજના દેવચંદ જ્યારે ઘેરે આવ્યો, અને કેસર કલાંટે બુમ બરાડા ચાલુ કીધા, ત્યારે તે પણ તાણી તાણીને સખત સખત બોલવા લાગ્યો. એમ કરતાં વાત રસપર આવી, અને કેસરે તો રડતાં પીટતાં, સબર મુઆ, તું મારા જીવનો ગ્રાહક થયો છેની! આ હમણા હું મારો જીવ કાઢી આપું છું. એમ કેહતાં કેહતાં અંતે રસો બાંધીને ફાંસો ખાવા લાગી. બીચારા દેવચંદનાં હોશ ઉડી ગયા. રખેને હુ રંડાઇ પડું, એવી ફીકરથી તે ધુજતા પગે ઘરની બહાર આવ્યો, કે દરવાજા પાસે તેને ચતુરદાસ મળ્યો. જેણે કહયું, કે ફીકર ના કરતો, એ મરવની નથી. હું કયારનો હયાંથી જોતો ઉભો છું. ચતુરદાસે બાજુની બારીમાંથી જોયું, તો કેસરે ગળામાં ફાંસો નાંખેલો છે, અને બુમ બરાડા મરતી બોલે છે, કે નીકળ અડપલા જીવ નીકળ, આ સાંભળીને તેવાજ ચાળાથી ચતુરદાસે ઉત્તર વાળ્યો. બાઇ જરા હાથ મુકી દો, તો હમણાં એ અડપલો જીવ

નીકળી જશે. આ સાંભળીને ઝટ કેસરે પોતાનાં ગળામાંથી ફાંસો કાઢી નાંખ્યો. અને છલાંગ મારી નીચે ઉતરી પડી, અને બહાર ધસી આવતાં બોલી, મુઆ તારૂં સત્યાનાસ જાય તારૂં, તેંજ મારા વરને આજે બગાડયો છે. મુઆ તેંજ મારૂં ખરાબ કીધું છે. નહીં તો હું કેવા કાલાવાલા કરાવતી હતી ? તેંજ મારો ઢોંગ ઉઘાડો પાડી દીધો. હવે મારો ધણી કેમ હાથ આવશે ?

અક્કલનું બારદાન—૧૯૫

કરમચંદ ધણીઆણી કોઇ કામસર બહાર ગઇ હતી. કરમચંદ પોતાના ઘરના ઓટલા પર બુચાને રમાડતો હતો, પણ બુચો મા ક્યાં ગઇ, મા ક્યાં ગઇ ? એમ કરતો રડયા કરે, અને કરમચંદ તેને પટાવ્યા કરે, એમ કરતાં થોડીવારે કરમચંદની ધણીઆણી દુરથી આવતી દેખાઇ. બુચો પોતાની માંને પાસે આવતી જોઇ, રડવાનું મુકી દઇ, ખુશી થઇ મારી મા ! એ મારી મા ! બોલવા લાગ્યો. એટલામાં કરમચંદ બોલી ઉઠયો, નહીં તારી નહીં, એ તો મારી મા છે. એમ ખુશીમાં અક્કલનો ભમરડો ઘુમાવી દીધો !

ખરો પેહલવાન—૧૯૬

વલસાડથી એક બતેલો દરીઆને મારગે મુંબઇ જતો હતો, એટલામાં માણુકો ખારવો દરીઆમાં અકસમાતે પડી ગયો. એટલે તરતજ રતના ખારવાએ તેની પાછળ દરીઆમાં નંખાવી દઈ, તેને જીવતો બહાર ખેંચી કાઢયો.

બતેલા પર પાછા ફરવા પછી ટંડેલે રતનાને શાબાશી આપી, કે ઠીક કયરૂં પોયરા! ખરો પેહલવાન નીવયરો તો. એમ કરે તે ખરો મનીખ કેહવાય.

અરે મનીખ હાનો, ને પેહલવાન હાનો ટંડેલ? તું નીહ હમજે. પટપટ હાનો કરે? એતો માણુકાએ મારા પગમાંનાં ખાહરાં પેરેલાં ઉતાં, તે મેં જાયણું કે બુડી મરહે, તો મારાં ખાહરાંને નામે રરી બેહા. તે હારૂ હુંએ તો ખેંચી કાયરો, પેહલવાન હેવાન કંઇ આપણે તો હમજતા નીંહ મલે.

મીયાં મરે ને બીબી રડે—૧૯૭

મીયાં શમશેરખાં લડાઇપર જવા નીકળ્યા. અને ઢાલ તરવાર બાંધી, મુંછનાં આંકડા ચઢાવી, ધપકતાં ધ્રુજતાં ટાંટીઆને જેમ

તેમ ઠેરવી તૈયાર થયા, કે તેની બીબી કોકટજાન રડીને કલપાંત કરવા લાગી, જેથી મીયાં તેને પટાવી બગલગીરી કરી બોલ્યા—

અરે મત રો મેરી જાન મત રો. મેં લડાઇમેં મારા જાઉંગા, ઉસકી તુઝે ફીકર પડી હોગી, પર કયા કરૂં ? લડાઇમેં જાના તો ચાહીયે, અગર સર ગયા તો કયા મુજાયેકા ? લડાઇમેં મરૂંગા, તો શહીદીકા મરતબા મીલેગા.

તુમ મર જાઇંગે, યેહ તો મુજકોભી યકીન હે, ઓર મુઝે ઉસકા ગમ નહીં હે. પર મુઝે વોહ અફસોસ હે, કે તુમ મારે જાઇંગે, ઓર સરકાર જો સીપાહીયોંકી ઓરતોંકો તનખા દેતી હે, વોહ ઇતની થોડી હે, કે ઉસમેંસે મેં ખરચ કયા કરૂંગી ? ઓર બન ઠનકર કયસી ફીર સકુંગી ?

બાપ કરતાં બેટો સરસ—૧૯૮

ઘોડાનો વેપારી—(પોતાનાં છોકરાને) અરે છોકરા જરા અહીં આવ તો, આ ઘોડા પર આ ગ્રહસ્થને જરા બેસી બતાવ.

છોકરો—(બાપનાં કાનમાં હળવેથી) ઘોડા પર કેવી રીતે બેસું બાપા ? વેચતી વખતનું બેસી બતાઉં, કે વેચાતો લેતી વખતનું ?

ફક્ત દુધનોજ ખોરાક—૧૯૯

તમે માનશો, આજે બએ મહીનાં થયા, સેરવો કાંજી અને પાંઉ ઉપર હું જીવું છું. બસ હવે તો કંટાળો આવી ગયો.

અરે એમાં શું મોટી વાત ! મને એક વખત એક આખું વરસ ફક્ત દુધ ઉપરજ રહેવું પડયું હતું. બસ બીજું કંઇજ નહીં, ફક્ત દુધ, દુધ, ને દુધજ,

તમે તે વખતે બીમાર પડી ગયા હશે.

નહીંરે પથ્થર જેવો હતો.

ત્યારે એમ કેમ ?

એ એમજ. હું જનમ્યો ત્યારથી એક વરસનો થયો ત્યાં સુધી મને દુધ ઉપર જીવવું પડયું હતું.

(૦)

વાહરે મીયાં બાંકે, દેખો ડગલીમેં સોસો ટાંકે—૨૦૦

વડોદરામાં કેટલાક મીયાં સાહેબો ઘરમાંતો કંઇ ન હોય, તો પણ પતરાજીનો થાગ નહીં, એટલે પોતાને ત્યાં મુલાકાત કરવા આવનારાઓને દેખાડવા માંગે, કે પોતાની પાસે નોકર ચાકરોનો દુકાળ નથી. દાખલા તરીકે એક ઘણાંજ પાતળા અને નાહના મીયાં,

કે જેઓનું નામ ઝબર દસ્તખાં કરી હતું, તેઓને ત્યાં એક રસોઇયા સીવાય બીજું કોઇ નહતું. તોપણ જ્યારે કોઇબી બહારનું મળવા આવે, ત્યારે મીયાં સાહેબ હાંક મારે. કોઇ હે ?

ત્યારે બબરચી બુમ પાડે—હાઝીર ખુદાવંદ ! વળી મીયાં દમ-માંજ પુછે, દુસરે સબ કહાં ગયે ?

બબરચી માંહેથી જવાબ આપે, એક મરગયા, ચાર જલાવન ગયે, એક રૂઠ ગયા, દો મનાવન ગયે. સરદાર સીંગ બજાર ગયા. બંદા હાઝીર હે ! (એમાંથી નવ્વાણું ટકા બાદ.)

સાહેબકી માં બહેન, વોહ હમારીહી માં બહેન—૨૦૧

એક ઉછાંછલા સ્વભાવનાં સાહેબને પોતાનાં નોકરોને ખરાબ ગાળો દેવાની ટેવ પડી ગઇ હતી. સીપાઇઓને માં બેહેન સમાણી ગાળો આપવાથી તેઓ બહુ કંટાલી ગયા હતા, અને શું કરવું તેનાં વિચારમાં હતા, કોઇ વખતે વિચારતા કે કાલે એની બદલી થઇ જશે, અને બીજો કોઇ આવશે. તો એ દુખ દુર થઇ જશે. એક સીપાઇ તેમાં વિચારવંત હતો, તેણે ઉપાય શોધી કાઢયો. અને બધાએ સાથે મળી સંપ કર્યો. અને એક દીવસ સાહેબની હજુરમાં જઇને હાથ જોડીને ઉભા રહયા. સાહેબે ગાળો ચોપડી, અને પુછ્યું. કયા હે ? એક મીયાંએ હીંમત કરી જવાબ આપ્યો,

સાહેબ ! કલ હમારા બડા તેહવાર થા, ઇસ લીયે હમ સબને મીલકર કસમ ખાઇ, કે આજસે હમને આપકી બહેનકો હમારી બહેન, ઔર આપકી માંકો હમારી માં બનાયા હે. તો આજસે આપ મેહરબાની કરકે આપકી માં બહેનકો ગાલીયાં નહીં દેના. કયુંકે આપકી માં બહેન, વોહ હમારીહી હે. સાહેબ મનમાં સમજ્યો, કે હવે ગાળો દેતાં મોઢું બંધ કરવુંજ પડશે.

ભોળા વેપારી કોથળીએ ભુલી ગયા—૨૦૨

ચંપાગલીમાં મારવાડી હંસાજી ધુળાજીની દુકાન હતી. એક દહાડો ત્યાં એક વીકટોરીઆ આવી, અને તે હંસાજીની દુકાનપર ઉભી રહી. હંસાજી જુએ છે, તો ગાડીમાં એક ખોજો અને એક અમદાવાદી વાણીઓ બેઉ બેઠા હતા. તેમની સામેની બેઠક પર એક ટ્રંક અને પાકીટ પડી હતી, અને દેખાવ પરથી એવું જણાતું હતું, કે તેઓ રેલવે સ્ટેશન પર જનાર હતા. ગાડી ઉભી રેહતાંજ ખોજાએ સામે પડેલી પાકીટમાંથી એક નાની થેલી કાઢી, પેલા અમદાવાદીનાં હાથમાં આપી, અને પોતાનાં ગજવામાંથી નોટોનું બંડલ કાઢયું. અને તેમાંથી સો રૂપીઆની એક નોટ કાઢતાં હંસાજીને કહયું, એ મારવાડી, સો રૂપીઆ છુટા આપ તો, એમ કેહતાં તેણે પેલા અમદાવાદીને ચટકી વગાડી જલદી કરવાને ઇશારત કીધી. તે અમદાવાદી થેલી

લઇ ગાડીમાંથી ઉતર્યો, પણ મારવાડીએ જોયું, કે શેઠ ઉતાવલમાં છે, તો કંઇ હું પણ મારૂં કામ કરૂં, એમ વિચારતાં કહયું.

શેઠ રૂપીઆ આપું, પણ વટાવ ચાર આના પડશે. શું? ચાર આના વટાવ ! અરે કંઇ વાત છે ! અડધો આનો લેજે.

અડધો આનો ! અડધા આનામાં નથી આપતો,

ખોજાએ જોયું, કે હું ઉતાવળમાં છું, તેથી એ ચીરવા માંગે છે, પણ શું કરે ? તેથી તેણે સમજાવીને કહયું.

અરે ! ભલા માણસ એમ શું કરે છે ? આપ આપ હુ તને વધારે આપું છું. જરા જલદી કર બા ! ગાડીને વખત નથી.

હા, શેઠ જલદી આપું, પણ પુરી પાવલી લઇશ જો !

હા, હા, તું આપતો ખરો !

મારવાડીએ રૂપીઆ કાઢીને ઝડપથી પેલા અમદાવાદી મહેતાને ગણી આપવા લાગ્યો. પાંચ દસ પચીશ ને આ હો. મેહતો તે તપાસી લેતાં પેલી હાથમાંની થેલીમાં ભર્યા. થેલીનું મોઢું બાંધ્યું. અને થેલી વીકટોરીઆમાં શેઠની બાજુમાં મુકી. શેઠે સો રૂપીઆની નોટ અને ખીસામાંથી બેઆની કાઢી, તે મારવાડીને દેવા મેહતાનાં હાથમાં આપી. મેહતો મારવાડીને આપવા લાગ્યો, પણ આવો વખત જોઇ, મારવાડી ભુલે કેમ ! તેણે વાંધો લીધો.

નહીં શેઠ નહીં, બે આના નહીં લઉં.

અરે ભાઇ ઠીક છે, જવા દેની હવે. મુફ્તની એઆની મજો છે. ને વલી લાહેરી શાની કરે છે? એ તો ઉતાવળ છે તેથી. નહીં તો દોઢીઉં પણ શાનું આપું?

લાહેરી એમાં શાની? તમને પરવડે તો લ્યો, કંઇ જબરદસ્તી છે?

એમ કે? ત્યારે એમજ ચલાવી લેશું. મેહતા આપ આ રૂપીઆ પાછા આપ, કંઇ નહીં, સ્ટેશનપર લેશું. ચાલ જલદી કર, વખત નથી. મેહતાએ નોટ અને બે આની શેઠને પાછી આપી. પેલી રૂપીઆની થેલી વીકટોરીઆમાંથી ઉંચકીને મારવાડીને પાછી આપી. તે ઝડપથી ગાડીમાં ચઢી બેઠો, અને તેઓ યાહોમ ગાડી ચલાવી ગયા.

હેં! હેં!! હેં!!! ગાંડા કે નહીં? ગાડી ગયા પછી હંસાજીએ દુકાન પરનાં નાનાં ધુરગાને કહ્યું, ઉતાવળમાં ગાંડા કોથળીએ ભુલી ગયા. ઠીક થયું સાલ ધુરગા, રૂપીઆ પેટીમાં રાખ, અને કોથળી સંતાડી મુક. ધુરગો કોથળી પેટી પાસે લઇ ગયો. મોઢું છોડયું, અને ખાલી કરે છે, તો તેનાં ગભરાટનો શું પાર! ગાંડા ઘેલો થતાં ધુરગાએ ચીસ મુકી, અરે હંસાજી ઓતો ઢબ્બુ નીકલ્યા!

હેં! ઢબ્બુ નીકલ્યા! હંસાજીએ પોક મુકીને તેજ ઘડીએ તે ઉઘાડે માથે અને ખુલ્લા પગે હાથમાં પોતીઉં પકડી નાકાપર

દોડી ગયો. અને આજુ બાજુ તથા સ્ટેશનપર જઈ આવ્યો, પણ વીકટોરીઆનો કંઈ પત્તો લાગો નહીં, તેતો કોણ જાણે કયાં નીકળી ગઇ. તે કયાંથી મળે એટલે નીરાસ થઇ બોલ્યો, અરે રામ ! રામ !!

એતો બે લુટણુજીઓ શેઠ અને મેહતો બની આવ્યા હતા તેઓ પોતાની સાથે એક ખાલી થેલી ને બીજી તેવીજ ઢબ્બુથી ભરેલી થેલી લાવ્યા હતા.તેઓએ નોટ વટાવવાની પંચાત કરી મારવાડીનાં રૂપીઆની થેલી રાખી મુકીને તેને બદલે તેઓ પેલી ઢબ્બુની થેલી હંસાજીને માથે મારી ચાલી ગયા.

માલ ભલે લુતી ગયા, પન ભરટાઉં મારી પાસે છે કેની—૨૦૩

ઇડરમાં લુકમાનજી વોહરો રહેતો હતો, તેનો ઇસમાલજી નામનો ગુમાશતો હતો. પોતાનો માલ મુંબઇથી અમદાવાદ આવેલો હતો, તે લાવવા માટે ઇસમાલજીને અમદાવાદ મોકલવામાં આવ્યો માલ બરાબર તપાસીને લાવવા માટે તેને માલનું ભરતીઉં આપવામાં આવ્યું હતું.

ઇસમાલજીએ અમદાવાદ આવી, પોતાનાં શેઠનો માલ ભરતીઆ મુજબ તપાસી લીધો. અને બે ગાડાં ભરી રાતનાં અગીઆર

વાગાનાં સુમારે અમદાવાદથી ઇડર આવવા નીકળ્યો. ઇસ-માલજીને ચોરોનો દર બહુ લાગતો હતો, તેથી ગામનાં પાદરમાંથી ગાડાંવાળાઓ સાથે મોટે મોટે સાદે વાતો કરી વખત ગાળવા લાગ્યો. ગાડાંવાળાઓ જરાક ઝોકું ખાય, કે ઇસમાલજીનો જીવ તળે ઉપર થઇ જાય. તુરત તેમને જગાડી વાતો ચાલતી કરે.

રસ્તામાં કેટલાક કોળીઓ સંતાઇ રહયા હતા, તે જુદી જુદી દીશામાં ઉઘાડી તરવારો સહીત આવી, ગાડાં ઉપર ચઢી ગયા. ગાડાંવાળા હેઠે ઉતરી એક જગાએ જઇ બેઠા. ઇસમાલજી ધ્રુજટો ધ્રુજતો ચોરોને કેહવા લાગ્યો, કે મારો જાન લેશો નહીં, ટમારે જોટું હોય, તે બહું લઇ જાઓ. હું જરી પન બોલવાનો નઠી. ચોરો ગાડાંમાંથી જે જે કીંમતી માલ હતો તે લઇ ગયા.

ચોરો ગયા પછી ગાડાંવાળા ગાડાંપર આવી બેઠા, અને ઇસમા-લજીની સાથે નાતો કરવા માંડી. ગાડાંવાળાએ કહયું, કે આ ગામ નજીક આવે છે, ત્યાંના મુખી પટેલને આ ચોરીની વાત આપણે જાહેર કરીએ.. ઇસમાલજીએ કહ્યું, આપરો માલ ગેરવલ્લે જનાર નથી, માટે અહીં રસ્ટામાં મુખી થાનદાર પાસે નકામા અથડાવાની જરૂર શી ? પન હવે તો બાકીનો માલ ઇદર તાકીદે લઇ જવો એજ થીક છે. એ રીતે કોઇને જાહેર કર્યા વગર ઇસમાલજી ઇડર આવી પહોંચ્યો. ગાડાંમાંનો માલ ઘણો ઓછો જોઇ શેઠે પુછ્યું—

લુકમાનજી—કેમ ઇસમાલજી ! આટલોજ માલ જનાય છે ?

ઇસમાલજી—રસ્ટામાં ચોર લોકો મીલા હટા, તે લઇ ગયા પન ફીકર જેવું નહી !

શું તમે પટટો મેલવો છે ? અઠવા તો ટમે સરકારમાં જાહેર કરૂં હોય, અને કાંટો માલ અગર કાંટો વલટર મળવાની ઉમેદ જેવું છે ? એમ હોય તો ફીકર જેવું નહી,

ઇસમાલજી—જાહેર બાહેર ટો કરૂં નહી, જાહેર ઠી કરવા સરકાર કંઇ માલ આપટી નઠી, એ તો ચોર પંકરી લાવો ટો તેને સજા કરે. એમાં શું વલું. ચોર પોટેજ પુછવા આવશે. એટલે ફીકર જેવું નહી.

લુકમાનજી—માલ લુતી ગયા, તે પુછવા આવે એમટે વરી બને ?

ઇસમાલજી—માલ ભલે લુતી ગયા. પન ભરટીયું આપની પાસે છે. એટલે ભાવ જાના વગર શી રીતે વેચશે ! એટલે આપની પાસે આવવુંજ પડશે, તો પકરાવી દેશું.

લુકમાનજી—અરે બેવકુફ ! ચોરોને ભરટીઆની શું જરૂર, તેને શું વેપાર કરવો હટો કે ભરટીઉં જોવા આવશે !

એ મુજબ ઠપકો આપી ઈસમાલજીને નોકરીમાંથી પાણીચું આપી દીધું,

બુચાની કીંમત—૨૦૪

બુચો—(ઉંમર વરસ આઠ) માયજી, ઓ માયજી,

માય—ઓ માયનો બધો જીરે, બોલની મરૂ, શું કહે છે?

બુચો—મને કોઇ વેચાતો માંગે, તો તમે શું લેવો?

માય—ભારો ભાર સુન્નું, ને ભારો ભાર હીરા મોતી તારા તો લઉં.

બુચો—ત્યારે તે સુન્ના ને હીરા મોતીને પેટે હાલ તરત તો, એક પાવલી આપો કે હું સરકસ જોઇ આઊં.

દારીનાં દોરસો અને ચોતલીનાં ચારસો—૨૦૫

કપડવંજમાં ઇસમાલજી કરીને વહોરો રેહતો હતો, તે એક વખતે મોડી રાતે કંઇ કારણસર બહાર નીકળ્યો. એટલામાં એક ચોર અંધારામાં ઉભો હતો, તેણે એકદમ દોડી આવી મુલ્લાંજીની દાઢી પકડી કહ્યું. રૂપીઆ દોઢસો આપે તો છોડું. મુલ્લાંજીએ વિચાર્યું કે કાંઇ તદબીર થશે નહીં તો રૂપીયા આપ્યા વગર આ ચોરનાં હાથમાંથી છુટાવાનું નથી. તેથી પોતાની બાયડીને કેહતો હોય તે પ્રમાણે મોટે સાદે કેહવા લાગ્યો, સાંભરે છે કે? આ ચોર આવો છે, તેણે મારી દારી પકરી છે, તે રૂપીઆ દોરસો માંગે છે. માટે જલદી રૂપીઆ લાવ આ તો દારીનાં દોરસો પણ ચોતલીનાં ચારસો લેશે. જો દારી મુઈ

દાઢીને ચોતલી પકડશે, તો ચારસો આપવા પડસે માટે દોરસો જલદી લાવ ? આ સાંભળી ચોરને વિચાર થયો, કે લાવને ચોતલી પકડું. ચારસો રૂપીઆ તો મળશે. એમ ધારીને દાઢી છોડી ચોટલી પકડવા જાય છે, પણ મુલ્લાંજીને માંથે તો મુંડો, તેથી હાથમાં તો કંઈ આવ્યું નહીં. પણ મુલ્લાંજી દોડતો બારણું બંધ કરી ઘરમાં પેસી ગયો !

તમામ શુદ.

!! મુસલમાન ભાઇઓને ખુશ ખબર !!

અમારી પાસે નીચે લખેલી કિતાબો મળશે, અને એ સિવાય બીજી પણ મળશે. જેને મંગાવવાની ખાહેશ હોય, તેણે એક કાર્ડ લખવો એટલે વી. પી. થી મોકલવામાં આવશે; સામટી લેનારને કીફાયત ભાવે આપશું. વધુ ખુલાસો કાગળથી થશે.

મીલાદે રસુલ ઉર્ફે બાગે રસુલ—એમાં મૌલુદ શરીફની રીવાયતો, અને ઉમદા કસીદા તથા ગઝલો છે. કીંમત રૂા. ૦-૪-૦

તોહફેતુલ બરકાત—એમાં હજને લગતી મુસાફરીનો એહવાલ, તથા મક્કા મદીના, તાઈફ વીગેરે જીયારતોનું બયાન છે. કીંમત રૂા. ૦-૪-૦.

જીકરૂશ શહાદતેન—એમાં ઇમામ હસન, તથા ઇમામ હુસેનની શહાદતનું બયાન. અને મરસીયા, નૌહા, માતમ તથા સલામ, રીવાયતો વીગેરે છે. કીંમત રૂા. ૦-૫-૦.

તઝકેરતુલ અંબીયા—એમાં કુરઆને પાકમાં જણાવેલા મશહુર પેગંબરો, અને હઝરતનાં અસહાબો અને ઇમામો અને ઇસલામી કોમો અને રીવાજોનું બયાન છે. કીંમત રૂા. ૦-૬-૦

તોહફેતુલ મુશતાક—એમાં દુઆએ ગન્જુલ અર્શ દુરૂદે અકબર તથા બીજી દુઆઓ છે. કીંમત રૂા. ૦-૩-૦

મનબેઉલ અહજાન—(વફાતનામું) હઝરત સલ.નું નઝમમાં સહી રીવાયતોથી લખાયેલું. કીંમત રૂા. ૦-૨-૦

મીરાં દાતારનો કિસ્સો—ઉનાવાનાં પીર મીરાં સૈયદ અલીનાં હાલમાં. કીંમત રૂા. ૦-૧-૦

સૈયદ બનુમીયાં બીન સૈયદ અમીરમીયાં કાદરીની કું.

મુ. બીલીમોરા, જીલ્લે—સુરત.